એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ
(અગાઉ એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ તરીકે ઓળખાતી હતી)
નોંધણીકૃત કાર્યાલયઃ એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, માર્સિડીઝ શોરૂમની નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ-400 098.
CIN No.: L67120MH2008PLC181833
શાખા કાર્યાલયઃ સુરત

L&T Finance

જાહેર સૂચના – મિલકતની હરાજી કમ વેચાણ

એલ&ટી ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 (54/2002) અને કથિત ધારા હેઠળ આપવામાં આવેલી સત્તાની અજમાયશ કરતાં નિમ્નલિખિત મિલકતો તેનાં લેણાં અને તેની પરનું વ્યાજ, શુલ્ક અને ખર્ચ વગેરે વસૂલ કરવા માટે **"જાહેર ઈ-હરાજી"** થકી **"જેમ છે જ્યાં છે ધોરણે" અને "જેમ છે જે સ્થિતિમાં છે"** ધોરણે ઈ-હરાજી કરવા માગે છે.

ઋણદાર અને સહ-ઋણદારનું નામ	સંરક્ષિત મિલકતનું સરનામું		લોન અકાઉન્ટ નંબર(રો)	પ્રત્યક્ષ લીધેલો કબજો	બાનાની રકમ 10% અથવા અનામત કિંમતથી વધુ (રૂમાં)	17.04.2024ના રોજ કુલ બાકી લેણા	અનામત કિંમત (રૂમાં)	નિરીક્ષણની તારીખ	હરાજીની તારીખ અને સમય
1. અશોક કુમાર હરિશંકર તિવારી 2. સંપૂર્ણ અશોક કુમાર તિવારી 3. શિવકુમાર હરિશંકર તિવારી	મિલકતનું સરનામું- જમીન ધારણા પ્લોટ નં. 263, ક્ષેત્ર 66.98 ચો.મી., "ઉમા વિહાર બંગલોઝ"માં જે સ્થિત છે જમીન ધારણા મહેસૂલ સર્વે નં. 25, એટલે કે, બ્લોક નં. 31, ગામ દસ્તાન, તાલુકો પલસાણા, જિલ્લો સુરત અને કથિત પ્લોટ નિમ્નલિખિત સીમાથી બંધાયેલો છે.		H1474828 01210615 59 & H1474828 01210615 59L	07મી ફેબ્રુઆરી, 2024	Rs. 1,19,106	Rs. 34,02,124.29	Rs. 11,91,060	07-05-2024	13-05-2024 ના રોજ સવારે 10.00થી સાંજે 5:30
	સીમાઓ	પૂર્વ પ્લોટ નં. 274ની બાજુમાં પશ્ચિમ મોમાયટીના રસ્તાની બાજુમાં							
		ઉત્તર પ્લોટ નં. 264ની બાજુમાં દક્ષિણ પ્લોટ નં. 262ની બાજુમાં							

જાહેર હરાજીના નિયમો અને શરતો

1. ઈ-હરાજી વેચાણ એઈડ અને જાહેર ઈ-હરાજી માધ્યમ થકી સારફેસી એક્ટની જોગવાઈઓ હેઠળ વેબસાઈટ https://sarfaesi.E-auctiontiger.net થકી અધિકૃત અધિકારી દ્વારા ઓનલાઈન હાથ ધરાઈ રહ્યું છે.
2. જાહેર ઈ-હરાજી ઉક્ત ઉલ્લેખિત તારીખ અને સમયે હાથ ધરાશે, જ્યારે ઉક્ત ઉલ્લેખિત સંરક્ષિત અસ્કયામત **"જેમ છે જ્યાં છે ધોરણે" અને "જેમ છે જે સ્થિતિમાં છે"** ધોરણે વેચવામાં આવશે.
3. જાહેર ઈ-હરાજી ભાગ લેવા માટે ઈચ્છુક ખરીદદાર/બિડરોએ **11/05/2024**ના રોજ અથવા પૂર્વે પેન કાર્ડ, કંપનીના કિસ્સામાં બોર્ડનો ઠરાવ અને સરનામાના પુરાવાની નકલો સાથે સંરક્ષિત અસ્કયામતોની અનામત કિંમતના 10%ની રિફંડેબલ બાનાની રકમની ચુકવણીની વિગતો સુપરત કરવાની રહેશે.
4. જાહેર ઈ-હરાજીમાં સફળ નહીં થનારા બધા અન્ય બિડરોની બાનાની રકમ એલટીએચએફ દ્વારા જાહેર ઈ-હરાજી બંધ થયાના 7 દિવસમાં રિફંડ કરાશે. બાનાની રકમ પર કોઈ વ્યાજ નહીં અપાશે.
5. સફળ ખરીદદાર/બિડરે તેની/તેમની ઓફરના 25% (બાનાની રકમનો સમાવેશ) ડી.ડી./પી.ઓ.ના રૂપમાં **"એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ"**ને નામે મુંબઈ ખાતે **13/05/2024** ના રોજ 18:00 કલાકે અથવા તે પૂર્વે, એટલે કે, ઈ-લિલામીના દિવસે અથવા આગામી કામકાજના દિવસ, એટલે કે, **14/05/2024** ના રોજ જમા કરવાના રહેશે, જે ડિપોઝિટ એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ દ્વારા પુષ્ટિ કરાશે, જેમાં નિષ્ફળ જતાં વેચાણ નિષ્ફળ થયું છે એવું ધારવામાં આવશે અને કથિત સફળ બિડરની બાનાની રકમ જપ્ત કરાશે. બાકી રકમ, એટલે કે, ખરીદી કિંમતના 75% ખરીદદાર દ્વારા એલ&ટી ફાઈનાન્સ લિમિટેડને સ્થાવર મિલકતના વેચાણની પુષ્ટિના પંદરમા દિવસે અથવા તે પૂર્વે અથવા કાયદાની જોગવાઈ અનુસાર આવા વિસ્તારિત સમયગાળામાં ખરીદદાર દ્વારા ચૂકવવાપાત્ર રહેશે.
6. મિલકતના નિરીક્ષણ અથવા વધુ માહિતી માટે સંભવિત બિડરો સંપર્ક કરેઃ અધિકૃત અધિકારી, એટલે કે, **"નામ- પીયુષ પટેલ, સંપર્ક નં.9925111077, એલ&ટી ફાઈનાન્સ લિ., ઈકો કોમર્ઝ કોમ્પ્લેક્સ, 3જો માળ, 308થી 311 અને 322થી 326, જી ડી ગોયંકા રોડ, સંગિની અરાઈઝની સામે, વેસુ, સુરત- 395007 અને સંતોષ તિવારી, સંપર્ક નં. 9920490126, એલ&ટી ફાઈનાન્સ લિ., ઓફિસઃ 6ઠ્ઠો માળ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, માર્સિડીઝ શોરૂમ નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ-400 098."** ખાતે સંપર્ક કરી શકે છે. ઈ-હરાજીના કોઈ પણ તબક્કે અધિકૃત અધિકારી કોઈ પણ કારણ આપ્યા વિના અને કોઈ પણ પૂર્વસૂચના વિના બિડ/ઓફર સ્વીકારી/નકારી/ સુધારણા/ રદ કરી શકે છે અથવા ઈ-હરાજી મોકૂફ

અમદાવાદમાં એતિહાસિક જૈન દીક્ષાનો મહામહોત્સવ

૩૫ મુમુક્ષુઓએ સંસારી વેશ ત્યજીને ભગવાન શ્રી મહાવીરનો વેશ અંગિકાર કર્યો

અમદાવાદ : અમદાવાદ શહેરના પાંચસો વર્ષના ઈતિહાસમાં પહેલી વખત એક જ મંડપ હેઠળ ૩૫ જૈન દીક્ષાનો મહોત્સવ દીક્ષાના મહાનાયક પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજય યોગતિલકસૂરીશ્વરજી મહારાજાના પવિત્ર હાથે સંપન્ન થયો હતો. સાબરમતી રિવર ફ્રન્ટ ઉપર આશરે ત્રણ લાખ ચોરસ ફૂટ વિસ્તારમાં નિર્માણ કરવામાં આવેલી ભવ્ય અધ્યાત્મ નગરીમાં વહેલી સવારે ૫.૩૦ કલાકે દીક્ષાની મંગળ વિધિનો પ્રારંભ કરવામાં આવ્યો ત્યારે ૩૦,૦૦૦ની ક્ષમતા ધરાવતો મુખ્ય મંડપ હકડેઠઠ ભરાઈ ગયો હતો. ૧૫ આચાર્ય ભગવંતો તેમ જ આશરે ૪૦૦ જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોની છત્રછાયામાં સવારે ૭.૩૫ કલાકે ૩૫ મુમુક્ષુઓને સાધુજીવનના પ્રતિક સમાન ઓઘો અર્પણ કરવાની વિધિ શરૂ કરવામાં આવી હતી. ૨૫ મિનિટમાં પૂજ્ય આચાર્ય ભગવંતોના હસ્તે ૩૫ મુમુક્ષુઓને ઓઘો અર્પણ કરવામાં આવ્યો હતો, જેમાં ૧૫ ભાઈઓ હતા અને ૨૦ બહેનો હતાં. દીક્ષાર્થીઓના હાથમાં ઓઘો આવ્યા પછી તેમણે પરમાત્માને વંદન કર્યા હતા અને ત્રણ પ્રદક્ષિણા દઈને મન મૂકીને આનંદ

વ્યક્ત કર્યો હતો. ઓઘો અર્પણ થયા પછી મુમુક્ષુઓ તેમના જીવનનું અંતિમ સ્નાન કરવા અને સાધુ-સાધ્વીજી વેશ અંગિકાર કરવા ગયા હતા.

ટૂંક સમયમાં તેઓ સંસારી વાઘાં ઊતારીને સાધુજીવનનાં શુભ્ર-શ્વેત વસ્ત્રોમાં સજ્જ થઈને સ્ટેજ પર આવ્યા તે પછી શુભ મૂહુર્ત લોચની વિધિ કરવામાં આવી હતી અને ૩૫ મુમુક્ષુઓનાં સંસારી નામો રદ કરીને સાધુજીવનનાં નૂતન નામો આપવામાં આવ્યાં હતાં. જૈનોના પાટનગર અમદાવાદમાં ૩૫ દીક્ષાના મહોત્સવનો પ્રારંભ તા. ૧૮ એપ્રિલે ગુરુ ભગવંતોના ભવ્ય સામૈયાં સાથે શરૂ થયો હતો. રવિવાર, તા. ૨૧ એપ્રિલના મુમુક્ષુઓની વર્ષીદાન યાત્રા કાઢવામાં આવી હતી. વર્ષીદાન યાત્રા બાદ મુમુક્ષુઓને સાધુજીવન માટે ઉપયોગી વિવિધ ઉપકરણો વહોરાવવા માટેની કરોડો રૂપિયાની ઉછામણી બોલાવવામાં આવી હતી. તા. ૨૨ એપ્રિલના વહેલી સવારે ૪.૩૨ કલાકે ૩૫ મુમુક્ષુઓને કપાળે વિદાયતિલક કરીને તેમના નિવાસસ્થાનેથી વિદાય કરતાં એવી ભાવના ભાવવામાં આવી હતી કે તેઓ મોહરાજા સામેની લડાઈમાં વિજય પ્રાપ્ત કરીને મોક્ષગામી બને. ૩૫ મુમુક્ષુઓ હાથમાં શ્રીફળ લઈને દીક્ષા મંડપમાં આવ્યા તે પછી તેમણે સ્ટેજ ઉપર બનાવવામાં આવેલાં સમોવસરણમાં પરમાત્માને વંદન કરીને ત્રણ પ્રદક્ષિણા આપી હતી અને ગુરુ ભગવંતોને વિધિસર વંદન કર્યા હતા. ત્યાર બાદ તેમણે ગુરુ ભગવંતને બે હાથ જોડીને નીચે મુજબ ત્રણ વિનંતીઓ કરી હતી : (૧) મમ મુંડાવેહ : મારા દોષોને દૂર કરવા પ્રતિમાત્મક રીતે મારું મુંડન કરો. (૨) મમ પવ્વાવેહ : મને પ્રવ્રજ્યાનું પ્રદાન કરીને પ્રકર્ષપણે સંસારથી દૂર લઈ જાઓ. (૩) મમ વેશં સમ્મપેહ : મને મોહ સામે લડવાના સરંજામરૂપ સાધુવેશ અર્પણ કરો.આ રીતે મુમુક્ષુઓ દ્વારા માગણી કર્યા પછી ગુરુ ભગવંતે તેમને ઓઘો અર્પણ કર્યો હતો. ઓઘો અર્પણ થયા પછી મુમુક્ષુઓ સ્નાન કરીને સાધુવેશમાં સજ્જ થઈને પાછા ફર્યા હતા. ત્યાર બાદ મુમુક્ષુઓને ગુરુ ભગવંત દ્વારા લોચની વિધિ પ્રતિકાત્મક રીતે કરવામાં આવી હતી.ત્યાર બાદ તેમને સાધુજીવનના પ્રથમ સોપાન જેવી તથા સર્વ પાપોના આજીવન ત્યાગ સમાન સર્વવિરતિ ધર્મની નીચે મુજબની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી : "કરેમિ ભંતે સામાઇયં, સવ્વં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ, જાવ જીવાએ પજ્જુવાસામિ, તિવિહં, તિવિહેણં, મણેણં, વાયાએ, કાયેણં, ન કરેમિ, ન કારવેમિ, કરંતં અપિ અન્નં ન સમુજ્જાણામિ, તસ્સ ભંતે, પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ." દીક્ષાની વિધિના અંતિમ ચરણમાં ૩૫ મુમુક્ષુઓનાં સંસારી નામો કાયમ માટે રદ કરીને તેમને સાધુજીવનનાં નવાં નામો જાહેર કરવામાં આવ્યાં હતાં. પાંચ દિવસના દીક્ષા મહોત્સવનો લાભ અમદાવાદના પાંચ લાખથી વધુ જૈનો દ્વારા લેવામાં આવ્યો હતો.

પશ્ચિમ રેલ્વે દ્વારા ઉનાળુ વિશેષ ટ્રેન શરૂ ઉધના - પુરી

ટ્રેન નં.	ક્યા સ્ટેશનથી ક્યા સ્ટેશન સુધી	સેવાની તારીખ	પ્રસ્થાન	આગમન
08472	ઉધના-પુરી દ્વિ-સાપ્તાહિક	26.04.2024 થી 28.06.2024	17:00 કલાકે (મંગળ અને શુક્ર)	22:45 કલાકે (બીજા દિવસે)
08471	પુરી- ઉધના દ્વિ-સાપ્તાહિક	25.04.2024 થી 27.06.2024	06:30 કલાકે (સોમ અને ગુરૂ)	14:00 કલાકે (બીજા દિવસે)

સ્ટોપ : ચલથાણ (આગમન ૧૭.૧૫ કલાકે/ પ્રસ્થાન ૧૭.૧૭ કલાકે), વ્યારા, નંદુરબાર, અમળનેર, જલગાંવ, ભુસાવલ, મલકાપુર, શેગાંવ, અકોલા, બડનેરા, વર્ધા, નાગપુર, ગોંદિયા, દુર્ગ, રાયપુર, બિલાસપુર, ઝરસુગુડા રોડ, સંબલપુર સીટી, રાયરાખોલ, અંગુલ, તાલચેર રોડ, ઢેંકનાલ, ભુવનેશ્વર અને ખુર્દા રોડ સ્ટેશન બંન્ને દિશોથી.

કોચ : એસીર- ટાયર, એસીઃ-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ.

કોઇ પણ પ્રકારની ટ્રેનના સ્ટોપ તેમજ સમયની માહિતી માટે www.enquiry.indianrail.gov.in પર જુઓ

ટ્રેન નં. ૦૮૪૭૨ નુ બુકિંગ શરૂ ૨૩.૦૪.૨૦૨૪ થી સમગ્ર પીઆરએસ કાઉન્ટર અને આઇઆરસીટીસી વેબસાઇટ પરથી થશે. તેમજ ઉપર આપેલ ટ્રેન વિશેષ ટ્રેન હોવાથી આ ટ્રેનને વિશેષ ભાડુ લાગુ રહેશે.

પશ્ચિમ રેલ્વે
wr.indianrailways.gov.in
Like us on: facebook.com/WesternRly
Follow us on: twitter.com/WesternRly

બધી આરક્ષિત ટિકીટો માટે ઓળખપત્ર સાથે રાખો.

જાહેર નોટીસ

મહેરબાન મુંબઈના સીટી સીવીલ જજ સાહેબની કોર્ટમાં
સીટી સીવીલ કોર્ટ, રૂમ નં. ૮૪, ૧૨ મો માળે, મઝગામ, મુંબઈ.

પ્રેરણા પટેલ.... વાદી — **સમરી મુકદમો નં. ૧૪૦૨/૨૦૧૪**

વિરૂધ્ધ

મે. કેપરટન પેપર અને પેકેજીંગ પ્રા.લિ.
અને અન્યો.... પ્રતિવાદી

પ્રતિ,

૨. શ્રી જયકીશનભાઈ ઠાકોરભાઈ પટેલ
મેનેજીંગ ડાયરેક્ટર,
ઠે. જાગીરદાર સ્ટ્રીટ, પો.ઓ. ઈના,
તા.પલસાણા, ડીસ્ટ્રીક્ટ સુરત,
ગુજરાત - ૩૯૪ ૩૧૦.
પ્રતિવાદી નં. ૨

૩. શ્રી ચીમનભાઈ કરસનભાઈ પટેલ,
મેનેજીંગ ડાયરેક્ટર
ઠે. જાગીરદાર સ્ટ્રીટ, પો.ઓ. ઈના,
તા.પલસાણા, ડીસ્ટ્રીક્ટ સુરત,
ગુજરાત - ૩૯૪ ૩૧૦.
પ્રતિવાદી નં. ૩

મહેરબાન જજ સાહેબ શ્રી શેખ અકબર શેખ જાફર સાહેબની કોર્ટ,
કોર્ટ રૂમ નં. ૮૪, ૧૨ મો માળો, મઝગામ, મુંબઈ.

જાહેર સમન્સ

આ દાવાના વાદીએ ઉપરોક્ત નંબરનો દાવો ઉપરોક્ત નામદાર કોર્ટમાં તમો પ્રતિવાદી નં. ૨ અને ૩ તેમજ અન્યો સામે રૂા. ૫૩,૩૭,૫૦૦/- વસુલ મેળવવા માટે કરેલો છે. તમોને સદર દાવામાં જણાવેલ તમારા સરનામે નામદાર કોર્ટ પ્રોસેસો બેલીફ મારફત વખતો વખત બજાવવા જતા પ્રોસેસો તમોને બજતા નથી. આથી તમોને દૈનિક પેપર મારફત નામદાર કોર્ટના પ્રોસેસની બજાવણી જાહેર રીતે કરવામાં આવે છે. સદર દાવાની હવે પછીની ઠરાવ તા. ૮-૫-૨૦૨૪ (૦૮ માહે મે સને ૨૦૨૪) ઉપરોક્ત મહેરબાન કોર્ટમાં રાખવામાં આવેલ છે. જેથી તે દિવસે, તમોએ જાતે અગર વકીલશ્રી મારફત સવારે ૧૧ કલાકે ઉપરોક્ત નામદાર કોર્ટમાં હાજર રહેવું. જો તમો તેમ કરવામાં કસુર કરશો. તો તમારી ગેરહાજરીમાં ઉપરોક્ત નંબરના દાવાની આગળની એક તરફી કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજે તા. ૨૩ માહે એપ્રીલ સને ૨૦૨૪

મનિષ પ. જાગાણી
વાદીના એડવોકેટ
૨જો માળો, ૮૨/૮૪, યુસુફ મહેર અલી રોડ,
સત્કાર હોટલ ઉપર, મસ્જીદ બંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૩.

ભરવાડ સમાજ દ્વારા આયોજિત દીકરી મારી લાડકવાઇ આઠમો સમૂહ લગ્ન સમારોહ પાસોદરા પાટીયા સ્વામિનારાયણ ગ્રીન સીટી વરાછા ખાતે રાખવામાં આવેલ હતા જેમાં માલધારી સમાજના લોકો ખૂબ મોટી સંખ્યામાં હાજર હતા જે કાર્યક્રમ માં ઓલપાડ ધારાસભ્ય શ્રી મુકેશભાઇ પટેલ, મંત્રી શ્રી પ્રફુલ પાનસેરીયા કોપીરેટર તેમજ માલધારી સમાજના સામાજિક ગુરુ, માલધારી સમાજના અલગ અલગ શહેરના પ્રમુખો હાજર હતા આ સમારોહમાં ૨૪ દીકરીઓનું સમૂહ લગ્ન નું આયોજન કરવામાં આવ્યું હતું જે પ્રોગ્રામનો ખુબ સરસ રીતે આયોજન કરવામાં આવ્યું હતું **તસ્વીર : હનીફ મલેક**

મોડી પણ નવસારી APMC માં કેરીની આવક શરૂ થઈ ગઈ

નવસારી, તા.૨૨

વાતાવરણમાં સતત વધતી ગરમી ખેતી માટે નુકશાનકારક સાબિત થઈ રહી છે. ગત દિવસોમાં શિયાળામાં ગરમીનું પ્રમાણ વધ્યું, જેની સાથે કમોસમી માવઠાએ ફળોના રાજા કેરીના ઉત્પાદન ઉપર માઠી અસર દેખાડી હતી. જોકે સમય કરતા મોડી પણ નવસારી છઁસ્ઝ માં કેરીની આવક શરૂ થઇ છે. પ્રતિ મણ કેરીના સારા ભાવો પણ મળતા ખેડૂતોમાં આનંદ છવાયો છે.

ઉનાળો આવતા જ કેરી અને કેરીનો રસ ખાવાના પ્લાનિંગ થવા માંડે છે. વેકેશન પડતા જ કેરીગાળો કરવાના આમંત્રણ અપાય છે. પણ બદલાતા વાતાવરણે આ વખતે કેરી રસિયાઓને નિરાશ કર્યા છે. વાતાવરણમાં વધતી ગરમીને કારણે આંબાવાડીઓમાં ગત દિવસોમાં કેરીમાં ખરણ જોવા મળ્યુ હતુ. જેને કારણે આ વખતે ૫૦ થી ૬૦ ટકા જ કેરી આવવાની શક્યતા જોવાતી હતી. જેના પરિણામે કેરીની સીઝન લગભગ ૧ મહિનો મોડી થઈ છે.

જોકે હાલ નવસારી છઁસ્ઝ માં કેરીની આવક શરૂ થતા વેપારીઓમાં ખુશી જોવા મળી છે. પરંતુ નહિવત આવક સાથે જ ફળની સાઈઝ નાની આવી રહી છે. જેથી વેપારીઓ થોડા નિરાશ પણ થયા છે.

બીજી તરફ કેરીની આવક પણ ગત વર્ષો કરતા ૧૦ ટકા જ આવી રહી છે. ગત વર્ષે આ દિવસોમાં ૫ હજાર મણ આસપાસ આવક હતી. પરંતુ આ હાલમાં ફકત ૩૦૦ થી ૫૦૦ મણ જ કરીની આવક થઈ રહી છે. જેમાં ખેડૂતોને હાલ કેસર કેરીનો પ્રતિ મણ ભાવ ૧૭૦૦ થી ૨૨૦૦ રૂપિયા મળી રહ્યો છે. જોકે ૧૦ દિવસ બાદ કેરીની આવકમાં વધારો થાય એવી શક્યતા પણ સેવાઈ રહી છે તેવું નવસારી છઁસ્ઝ ના વેપારી મનીષ હિરાણીએ જણાવ્યું.

કેરીની આવક શરૂ થતા ખેડૂતોમાં પણ ખુશી છે. પણ કેરીના પાકને ટકાવી રાખવા માટે ખેડૂતોએ આંબાવાડીઓમાં કરેલ દવાનો છંટકાવ, ખાતર વગેરેમાં થયેલ ખર્ચો નીકળે કે કેમ એની ચિંતા પણ વધી છે. કારણ કેરીનો પાક ૩૦ થી ૪૦ ટકા જ રહ્યો છે. જેથી હાલમાં પ્રતિ મણ ૧૭૦૦ થી ૨૨૦૦ રૂપિયા મળી રહેલા ભાવથી ખેડૂતો ખુશ છે.

સેલવાસમાં લોકસભા ચૂંટણી માટે ગૃહમંત્રી અમિત શાહની મુલાકાત રદ થઈ

જનાદેશ પ્રતિનિધિ, દમણઃ સંઘ દાદરા અને નગર હવેલીમાં આગામી લોકસભા ચૂંટણી માટે માનનીય ગૃહમંત્રી શ્રી અમિત શાહની મુલાકાત થોડા દિવસોથી ચર્ચા માં આવી રહી હતી જયારે સુત્રો ના હવાલા થી એમની મુલાકાતને રદ કરવામાં આવી છે એવી વાતો આવી છે. લોકસભા ચૂંટણીની આગામી તારીખોના સંદર્ભમાં અને પ્રાથમિકતાઓના સંદર્ભમાં સમયાંતરે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે માનનીય ગૃહમંત્રી શ્રી અમિત શાહ ની દાનહ ની મુલાકાત ભાજપ ના પ્રત્યાશી કલાબેન ડેલકર ના સમર્થન માટે હતી. અમિત શાહે જનવરી માહમાં દાદરા અને નગર હવેલી ની મુલાકાત લીધી હત

ભારતીય જનતા પાર્ટી દાદરા નગર હવેલી અને દમણ અને દીવ પ્રદેશના મહિલા મોરચા દ્વારા આજે દમણના દેવકા સ્થિત કટેલ પાર્ટી પ્લોટ ખાતે મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદેશ ભાજપ મહિલા મોરચાના પ્રમુખ શ્રીમતી સિમ્પલ બેન કટેલાની અધ્યક્ષતામાં આયોજિત આ સંમેલનમાં પ્રદેશ ભાજપ સહ પ્રભારી શ્રી દુષ્યંત ભાઈ પટેલ, પ્રદેશ પ્રમુખ શ્રી દીપેશ ટંડેલ ઉપરાંત પ્રદેશ ભાજપ મહિલા મોરચાના પ્રભારી શ્રીમતી માધવી બેન ભુટા ઉપસ્થિત રહ્યા હતા. , કાન્તા દીદી, મહિલા મોરચાના રાષ્ટ્રીય પરિષદના સભ્ય શ્રીમતી સોનલ બેન પટેલ અને મહિલા મોરચાના પ્રદેશ મહામંત્રી શ્રીમતી દીપાલી બેન શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

નામ બદલેલ છે
મારું પહેલા જૂનું નામ **પોન્નુ વિજયન** હતું જે બદલીને નવું નામ **વિજય પોન્નુ નાદાર** રાખેલ છે, જેની સર્વે નોંધ લેવી.
લિ.વિજય પોન્નુ નાદાર
સરનામું : એ-૧-૨૦, ફ્લેટ નં.૯૦૧, ગ્રીન સીટી ગોલ્ડ એપાર્ટમેન્ટ, ભાઠા, પાલ, સુરત-૩૯૫૦૦૯

પાસપોર્ટ ખોવાયો છે
અહીં હું **ઉર્મિલાકુમારી યોગેશ કાવઠિયા છું.** રહે.-૬, અલકાપુરી સોસાયટી કતારગામ. હું જાણવા માંગુ છું કે મારો સેન્ટ્રલ પાસપોર્ટ-સુરત ઓફિસનો નં. **F-4631848- to-2005** ઘરે ક્યાંક ખોવાઈ ગયો છે, મને મારા ઘરે મારો પાસપોર્ટ મળ્યો નથી. તેથી, જો કોઈને મારો પાસપોર્ટ મળે તો કૃપા કરીને તરત જ મારો સંપર્ક કરો.
લિ. ઉર્મિલાકુમારી યોગેશ કાવઠીયા
સરનામું : રે-૬ અલકાપુરી સો. કતારગામ, સુરત.
Mo.98251-87023

પાસપોર્ટ ખોવાયો છે
અહીં હું **યોગેશ જગજીવન કાવઠીયા છું.** રહે.-૬, અલકાપુરી સોસાયટી કતારગામ. હું જાણવા માંગુ છું કે સુરત પાસપોર્ટ ઓફિસનો મારો સેન્ટ્રલ પાસપોર્ટ નં. **F-4538110- to-2005** ઘરે ક્યાંક ખોવાઈ ગયો છે, મને મારા ઘરે મારો પાસપોર્ટ મળ્યો નથી. તેથી, જો કોઈને મારો પાસપોર્ટ મળે તો કૃપા કરીને તરત જ મારો સંપર્ક કરો.
લિ. યોગેશ જગજીવન કાવઠીયા
સરનામું : રે-૬ અલકાપુરી સો. કતારગામ, સુરત.
Mo.98251-87023

નામ બદલેલ છે
મારૂ જુનુ નામ **બોદર જ્યોતિ દેવચંદભાઈ** હતું તે બદલીને નવું નામ **જ્યોતિબેન ડોલરકુમાર કચિયા** રાખેલ છે. જેની સર્વોએ નોંધ લેવી.
લિ. જ્યોતિબેન ડોલરકુમાર કચિયા
સરનામું : સી-૧/૫૦૫, ચંદ્ર સરોવર ટાઉનશીપ, સેકટર-૧, વ્રજ ચોક, સીમાડા ગામ, સુરત-૩૯૫૦૦૬

નામ બદલેલ છે.
મારું જુનું નામઃ **ચિરાગકુમાર અશોકભાઈ વાઘેલા** હતું જે બદલીને નવુ નામ **ચિરાગભાઈ અશોકભાઈ વાઘેલા** રાખેલ છે. હવેથી હું મારા નવા નામથી ઓળખાઈશ. જેની સર્વેએ નોંધ લેવી.
લી.
ચિરાગભાઈ અશોકભાઈ વાઘેલા
સરનામું : બી-૧૩૦૪, ગોથિક હેરિટેજ, ટાઈમ્સ સ્કેવર સામે, ટી.પી. ૧૦, પાલ, સુરત, ગુજરાત ૩૯૫૦૦૯.

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **દેસાઈ રક્ષિતકુમાર સુબોધચંદ્ર** હતું જે નામ બદલીને નવું નામ **રક્ષિત સુબોધભાઈ દેસાઈ** રાખેલ છે.
જેની સર્વે નોંધ લેવી.
લિ.: રક્ષિત સુબોધભાઈ દેસાઈ
સરનામું : માતૃછાયા ન્યૂ વેજ માર્કેટ પાસે, મદનવાડ પાછળ, વલસાડ, ગુજરાત- ૩૯૬૦૦૧

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **સોલંકી પારૂલબેન કીકુભાઈ** હતું જે બદલીને નવું નામ **સોલંકી પારૂલતા કીકુભાઈ** રાખેલ છે, જેની સર્વેએ નોંધ લેવી.
લિ. સોલંકી પારૂલતા કીકુભાઈ
૨૧૮૬, શર્મન-સૌરભ, છાપરારોડ, તા. જી. નવસારી, ગુજરાત, ભારત.

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **રીબડીયા નીતાબેન નીલેશભાઈ** હતું જે નામ બદલીને નવું નામ **રીબડીયા નીતાબેન નીલેશભાઈ** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: રીબડીયા નીતાબેન નીલેશભાઈ
સરનામું : ૧૨૨/૧૨૩ ગાયત્રી નગર-૨, કતારગામ, સુરત સિટી, ગુજરાત- ૩૯૫૦૦૪

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **નલીનકુમાર વલ્લભભાઈ પટેલ** હતું જે નામ બદલીને નવું નામ **નલીનકુમાર વલ્લભભાઈ પટેલ** રાખેલ છે.
જેની સર્વે નોંધ લેવી.
લિ.: નલીનકુમાર વલ્લભભાઈ પટેલ
સરનામું : ૯૫૧, કણબીવાડ, લીલાપોર, વલસાડ, ગુજરાત પીન- ૩૯૬૦૩૦

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **પરેશ રાયચંદ છેડા** હતું જે નામ બદલીને નવું નામ **પરેશ રાયચંદ છેડા** રાખેલ છે.
જેની સર્વે નોંધ લેવી.
લિ.: પરેશ રાયચંદ છેડા
સરનામું : ફ્લેટ નં. ૩૦૧,૩૦૨, મધુવન પાર્ક કો-ઓપ સોસાયટી સૌરભ સોસાયટી પ્લોટ નો. ૨૪૭, ૨૪૮, ગુંજન, જીઆઈડીસી વાપી, પારડી, વાપી ઈ.એ., વલસાડ ગુજરાત- ૩૯૬૧૯૫

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **મોહમ્મદ અઝીમ** હતું જે નામ બદલીને નવું નામ **અઝીમ ખાન અબ્દુલ હકીમ** રાખેલ છે.
જેની સર્વે નોંધ લેવી.
લિ.:અઝીમ ખાન અબ્દુલ હકીમ
સરનામું : રૂમ નં-૦૫, મુસ્તફા ભાઈ કી ચાલ, સાજન કિરાણા સ્ટોર, રમઝાનવાડી, છરવાડા, વાપી, વલસાડ- ૩૯૬૧૯૧

નામ બદલેલ છે.
મારું જૂનું નામ પાસપોર્ટ પ્રમાણે **રિટાબેન હેમંતકુમાર ઉર્ફે હેમાંશુભાઈ પટેલ** હતું જે નામ બદલીને નવું નામ **પટેલ રિટાબેન હેમંતકુમાર** રાખેલ છે.
જેની સર્વે નોંધ લેવી.
લિ.: પટેલ રિટાબેન હેમંતકુમાર
સરનામું : બી/૧૦૩, ગુણાતીત નગર, સુમુલ ડેરી રોડ, અલકાપુરી, કતારગામ, સુરત સીટી- ૩૯૫૦૦૪

નામ બદલેલ છે.
મારું જૂનું નામ પાસપોર્ટ પ્રમાણે **હેમંતકુમાર ઉર્ફે હેમાંશુભાઈ જયંતિલાલ પટેલ** હતું જે નામ બદલીને નવું નામ **હેમંતકુમાર જયંતિલાલ પટેલ** રાખેલ છે.
જેની સર્વે નોંધ લેવી.
લિ.:હેમંતકુમાર જયંતિલાલ પટેલ
સરનામું : બી/૧૦૩, ગુણાતીત નગર, સુમુલ ડેરી રોડ, અલકાપુરી, કતારગામ, સુરત સીટી- ૩૯૫૦૦૪

નામ બદલેલ છે.
મારું લગ્ન પહેલાનું જૂનું નામ **પારેખ ધર્મિષ્ઠાબહેન નરેશકુમાર** હતું જે લગ્ન બાદ બદલીને નવું નામ **ધર્મિષ્ઠાબેન વિનયકુમાર પારેખ** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: ધર્મિષ્ઠાબેન વિનયકુમાર પારેખ
સરનામું : ૬૧, દેસાઈવાડ, કાલીયાવાડી, નવસારી, નવસારી- ૩૯૬